# પરિચય

મૂળે તો આ પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ છે કે વિધિસરનો પરિચય કરાવવામાં ન આવે ત્યાં લગી સામેના માણસ સાથે વાત ન કરવી, નજર ન મેળવવી – બને ત્યાં સુધી એનું અસ્તિત્વ જ ન સ્વીકારવું!

મને આ રૂઢિ બહુ પસંદ નથી. પુસ્તક તમારા હાથમાં છે. વાંચવા માંડો કે ઝટ દઈને પોતાનું થઈ જશે. એમાં વળી કોઈએ વચમાં પડીને એને વિશે કશુંયે કહેવાની શી જરૂર?

પરંતુ સંસ્કૃતિઓના ઘમ્મરવલોણાના આ યુગમાં જે પ્રથા પ્રચલિત છે તેને મનેકમને પણ સ્વીકારવી પડે છે; ખાસ કરીને જ્યારે એને પ્રકાશકનું પીઠબળ મળ્યું હોય! એટલે ‘પેઇંગ ગેસ્ટ’ની વાત કરવી પડશે. ચાલો, કરી નાખીએ.

‘આગંતુક’ લખ્યા પછી થોડા વખત લગી એ સૃષ્ટિમાંથી બહાર નહોતું નીકળાતું, અને નીકળવું જરૂરી છે એટલું તો સમજાતું હતું. એવામાં ગુજરાતી ‘મિડ-ડે’ તરફથી માગણી આવી, નવલકથા લખો. અમારા સ્થળસંકોચ ધ્યાનમાં રાખીને લખો. જેમ બને તેમ જલદી લખો.

વારી, લખી નાખીએ ત્યારે, કહીને આ ત્રિવિધ માગણી સ્વીકારી લીધી. લખતાં લખતાં મજા આવવા માંડી. ઈશાનની આજુબાજુમાં ક્યાંક હળવાશથી બિરજુ ગોઠવાઈ ગયો. એની સાથે ખાસી મોટી ફોજને પણ લેતો આવ્યો. આ મામા, આ મામી, સિનિયર સબ, ગજાનન જોશી, નટરાજન, શશાંક, કલ્લુ, વિદ્યાબહેન, ગિરધરલાલ અને હીરલ – આમાંથી કોને તમે નથી ઓળખતા? કશેક તો એમને મળ્યા જ છો.

આપણી દુનિયામાં આપણી માફક બે પગે ચાલનારાં આ બધાં પાત્રો સહેજસાજ જુદાં લાગે તો તે ફોટોગ્રાફીની જેમ કલમની કરામતને કારણે; બાકી તમને સુપરિચિત જ છે.

અને પોતાનાંનો કંઈ પરિચય કરાવવાનો હોય?

**– ધીરુબહેન પટેલ**

સુખ છે દિવસનો તીક્ષ્ણ પ્રકાશ
દુઃખ છે રાત્રિનો ગાઢ અંધકાર
ક્યાંથી સહેવાત એ બંને
વચ્ચે જો આવી ન પડી હોત
સંધ્યાની રંગીન ચાદર
ફરફરતી કૌતુકમયી સ્મિતભરી
ઝંકૃત પક્ષીગાનથી?

"મામી! પછી તમે પૂછી જોયું?" જયવતીબહેને ઘૂઘરીવાળી સૂડીથી સોપારી કાતરતાં કાતરતાં બિરજુની સામે જોયું અને પછી જમીન પર એક આછી ઠેસ મારીને હીંચકો ફરી વાર ઝુલાવ્યો.

"મામી?"

"શું છે?"

"તમે પૂછ્યું કે નહીં?"

"એ... ના!"

"કેમ?"

"તમારા મામા કંઈ હા પાડવાના હતા? નકામા મારા પર ગુસ્સે થાય."

"પણ તમે પૂછી તો જુઓ!"

"ખરું જોવા જાઓ ને ભાણાભાઈ, તો આ બધો તમારા જગન્નાથબાપાનો જ વાંક કહેવાય. આ ટ્રસ્ટ ફ્રસ્ટની મોકાણ ન માંડી હોત તો તમારે કશી પંચાત હતી?"

નહોતી, પણ હવે શું થાય? ટ્રસ્ટ થઈ જ ગયું હતું અને જગન્નાથબાપા સ્વર્ગે સિધાવી ગયા હતા એટલે બિરજુ એમનો વાંક કાઢવા એમની પાસે જઈ શકે એમ હતું જ નહીં એટલે એને પંચાત રહેવાની જ. મામી પણ એ જાણતાં હતાં ને તોય આવી દલીલો કરતાં હતાં! બિરજુએ ગળું ખોંખારીને ફરી હલ્લો શરૂ કર્યો.

"મામી! તો પછી તમે આજે મામાને વાત કરો."

"એ ના જ પાડશે."

"તમે હા પડાવો."

"તમે ભાણાભાઈ, ભાઈસા'બ બહુ જિદ્દી!"

જયવંતીમામી જેને જીદ ગણતાં હતાં તેને બિરજુ એકાગ્રતા, ધ્યેયનિષ્ઠા કે સંકલ્પની દૃઢતા ગણતો હતો એટલે એણે મામીનો કચવાટ ન ગણકારતાં પાછું પૂછ્યું, "આજે વાત કરશો ને, મામી?"

"હા ભાઈ હા. લો આ સોપારી!"

"અરરર મામી! આવું બોલાય?"

"કેમ, શું થયું?"

"મુંબઈમાં સોપારી કહેતાં સુપારી આપવી અને લેવી એનો શો અર્થ થાય તે જાણો છો?"

"ના, ને મારે જાણવો પણ નથી. બળ્યું તમારું મુંબઈ! તમને સાચું કહું છું ભાણાભાઈ આ મુંબઈનો છંદ મૂકી દો ને! તમારા મામાએ સાવરકુંડલાવાળા રતિલાલશેઠને તમારી નોકરી માટે વાત પણ કરી રાખી છે. ભલું હશે તો આઠ-દસ દિવસમાં પાકુંયે થઈ જશે."

જવાબમાં બિરજુએ મામી તરફ એક દયાભરી નજર નાખી. એ બિચારાં શું જાણે કે બિરજુ અને મુંબઈ એકબીજાને માટે જ જન્મ્યાં હતાં?

"અરે હાં, હું કહેવાનું ભૂલી ગઈ. પેલા દીનબંધુની ઑફિસમાંથી ફોન આવ્યો હતો."

"દીનબંધુ નહીં, દેશબંધુ."

"હા, હવે એ – દેશબંધુ! એનો માણસ ઑફિસમાંથી નીકળી ગયો છે ને તમારું ચિત્તર લેવા આવવાનો છે."

"ઓહો, તે મને છેક હમણાં કહો છો? તમેય કમાલ છો ને, મામી!" બિરજુ હાંફળોફાંફળો ઊઠ્યો અને કાળો રંગ, પીંછી અને કાગળ ટેબલ પર ગોઠવવા લાગ્યો.

"તે હેં ભાણાભાઈ, તમને રૂપાળાં મોઢાં ચીતરતાં ના આવડે?"

"આવડે."

"તો પછી આ–"

"મામી પ્લીઝ – મામી! એ બધું હું તમને પછી સમજાવીશ. હમણાં મને મોડું થાય છે અને દેશબંધુનો પ્યૂન જાન પર હાજર થયો જ સમજો."

"તે એ તમને – આ દેશબંધુવાળો કેટલા રૂપિયા આપે છે એક ચિત્તરના?"

"પચાસ."

"ઓહો, એટલા બધા? અને એમાં પાછો ખરચો તો માંડ એકાદ-બે આનાનો થતો હશે. આ સારું કહેવાય હં ભાણાભાઈ! તે તમે રોજનાં ચારપાંચ ચીતરી નાખતા હો તો?"

બિરજુની આંખ, આંગળીઓ અને દિમાગ એકદમ કામે લાગી ગયાં હતાં. તે છતાં એણે, બિચારાએ જયવંતીબહેન સામે જોઈને એક સ્મિત તો કર્યું. કટાક્ષચિત્ર માટે મગજમાં એક ઝબકારો થવો જોઈએ અને એની ઉત્પત્તિ થયા પછી એની રાહ જોતું એક અખબાર પણ હોવું જોઈએ એ બધું મામીને કેમ કરીને સમજાવવું? ને તે પણ આ ઘડીએ?

જોકે મામીને નારાજ કરવાનું જોખમ તો જરાયે ખેડાય એવું નહોતું, કારણ કે વડોદરામાં રહીને ફાઇનાન્સ કંપનીમાં નોકરી કરવા કરતાં મુંબઈ જઈને કટાક્ષચિત્રકાર તરીકે નસીબ અજમાવી જોવું એ સો ગણું સારું છે એ વાત મામી સિવાય બીજું કોઈ એના શિવુમામાને સમજાવી શકે એમ નથી. તે બિરજુ બરાબર જાણતો હતો.

ને મામા માને નહીં તો જગન્નાથબાપાના ટ્રસ્ટમાંથી હજી ચાર વરસ લગી બિરજુને કશું મળે નહીં એ પણ એક હકીકત હતી. કાર્ટૂન દોરતાં દોરતાં બિરજુએ આ બધું ફરી એક વાર ઝડપથી યાદ કરી લીધું અને મામીને મીઠાશથી કહ્યું, "જાણે એક વાત તો નક્કી કે મુંબઈમાં તમારા જેવી ચા તો મને નહીં જ મળવાની!"

"ત્યારે માંડી વાળો ને, શું દાટ્યું છે મુંબઈમાં?"

"એક વાર જઈ આવું – બસ, એક જ વાર!"

"તમે જાણો... ચાલો, ચા પીવી છે ને?"

"પીવી તો છે – પણ તમે મામાને કહેશો ને?"

"કહી જોઈશ."

"બસ બસ બસ, તમે એક વાર કહેશો ને એટલે મામા માની જશે." કહીને બિરજુ ઊભો થયો અને કાર્ટૂન સામે ધરીને પૂછવા લાગ્યો, "કેવું લાગે છે?"

"હવે આમાં મને સમજ ન પડે ભાણાભાઈ! આ ટાલિયાને કેમ દુઃખી બતાડ્યો છે?"